જંત્રી (એન્યુઅલ સ્ટેટમેન્ટ ઓફ રેટસ)–
૨૦૧૧માં જે વિસ્તારના ભાવો રહી ગયા હોય
તેનો રી–સરવે કરી ભાવો નકકી કરવા બાબત

**ગુજરાત સરકાર,**
**મહેસૂલ વિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃ એસટીપી–૧૨૨૦૦૯– ૧૦૨૭– ૧૩૭૮ –હ.૧,**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા. ૨૨.૭.૨૦૧૧.**

**વંચાણે લીધાઃ–**

(૧) મહેસૂલ વિભાગનો તા. ૩૧.૩.૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃ એસટીપી–૧૨૨૦૯–૭૬૯–૧૧–હ.૧,
(૨) મહેસૂલ વિભાગનો તા. ૧૮.૪.૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃ એસટીપી–૧૨૨૦૦૯–૮૫૪–૧૧–હ.૧
(૩) મહેસૂલ વિભાગનો તા. ૧૧.૫.૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃ એસટીપી–૧૨૨૦૦૯–૧૦૨૭–૧૧–હ.૧
(૪) સુપ્રિ. ઓફ સ્ટેમ્પ, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા. ૭.૬.૨૦૧૧ નો પત્ર ક્રમાંકઃ સ્ટેમ્પ–તાંત્રિક–૪૧–૨૦૧૧/૨૧૫

## પ્રસ્તાવના :–

મહેસૂલ વિભાગના સંદર્ભ દર્શીત પ્રમાણે(૧) પરના તા. ૩૧.૩.૨૦૧૧ ના ઠરાવથી જંત્રી–૨૦૧૧ સમગ્ર ગુજરાત રાજયમાં તા. ૧.૪.૨૦૧૧ થી અમલમાં મૂકવામાં આવેલ છે. સદરહુ જંત્રી તૈયાર કરતી વખતે જમીન અને મિલકતોના ભાવો કોઈ પણ વિસ્તારમાં રહી ગયા હોય તો તે વિસ્તારનો નવેસરથી સરવે કરી દરખાસ્ત તૈયાર કરવાની હતી, જે અનુસંધાને રાજયના જે વિસ્તારોના ભાવો રહી ગયા તેના રી–સરવેની કામગીરી માહે મે–૨૦૧૧ દરમ્યાન હાથ ધરવામાં આવેલ. તેને સરકારશ્રીની મંજૂરી માટે સુપ્રિ. ઓફ સ્ટેમ્પસના ઉપર સંદર્ભ–(૪) માં દર્શાવેલ પત્રથી મળેલ દરખાસ્ત ઉપર વિચારણા કરવામાં આવેલ છે.

## ઠરાવ :–

સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે જંત્રી–૨૦૧૧ માં જે વિસ્તારોના ભાવો રહી ગયા હતા તે માટે સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજય ધ્વારા માહે મે–૨૦૧૧ દરમ્યાન રી–સરવેની કામગીરી હાથ ધરી નકકી કરેલ ભાવોની ઉપર સંદર્ભ–(૪) માં દર્શાવેલ પત્રથી મળેલ દરખાસ્ત પૈકી જે વિસ્તારના ભાવો રહી ગયા હોય અને તેનો નવેસરથી રી–સરવે કરીને દરખાસ્ત કર્યા મુજબના ભાવોને આથી નીચે જણાવેલ શરતે સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ રી–સરવે મુજબ નકકી થયેલ ભાવોમાં વિભાગના ઉપર સંદર્ભ–(૨) માં જણાવેલ તા.૧૮.૪.૨૦૧૧ ના ઠરાવની જોગવાઈ મુજબ નવી જંત્રી–૨૦૧૧ અમલમાં આવી તે પહેલાં જંત્રી (એ.એસ.આર.) ૨૦૦૬, તા. ૧.૪.૨૦૦૮ થી અમલમાં હતી તે સંદર્ભમાં જંત્રી–૨૦૧૧ માં જમીન કે સ્થાવર મિલકતની આકારણીમાં જે વધારો થયો છે તેમાં ૫૦% ઘટાડાની રાહત આપવાની રહેશે.

(૨) રાજયના સરવેમાંથી બાકી રહી ગયેલ વિસ્તારો માટેના રી–સરવે કરી નકકી કરવામાં આવેલ ભાવોને ઉપર–(૧) મુજબ રાહતની ગણતરી બાદ નકકી થતા ભાવો તે મિલકતના અગાઉ તા. ૧.૪.૨૦૦૮ થી અમલમાં હતી તે જંત્રી (એ.એસ.આર) ૨૦૦૬ કરતાં ઓછા હોય તેવા કિસ્સામાં આ જંત્રીના દર ૨૬ ગણી તા. ૧.૪.૨૦૦૮ થી અમલમાં હતી તે જંત્રીના દરની જ ગણતરી કરવાની રહેશે.

(૩) વિભાગના ઉપર સંદર્ભ-(૨) માં દર્શાવેલ ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત લાગુ રહેશે.

વિભાગ તરફથી બહાર પાડવામાં આવેલ જંત્રી-૨૦૧૧ માં જયાં ફકત ખેતીની જમીનના ભાવો ઉપલબ્ધ છે તે વિસ્તારના બિનખેતીના જુદા જુદા બિનખેતી હેતુ માટેના જંત્રી ભાવ પ્રાઈસીગ પોલીસીના સંદર્ભે નકકી કરવાની દરખાસ્ત સંબંધે હાલ સંદર્ભ-(૩) માં જણાવેલ વિભાગના તા. ૧૧.૫.૨૦૧૧ ના ઠરાવ મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૮.૬.૨૦૧૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.જે.શાહ )
અધિક સચિવ
મહેસૂલ વિભાગ,

પ્રતિ,
માન. રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
માન. મહેસૂલ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
માન. નાણાંમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
માન. રા.ક. મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
સુપ્રિ. ઓફ સ્ટેમ્પસ, ગુજરાત રાજય, ગાંધીનગર.
નોંધણી સર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
સર્વે નાયબ કલેકટરશ્રીઓ (સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન તંત્ર),
સર્વે સબ-રજિસ્ટ્રાર - નોંધણી ખાતું, ( સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ મારફત )
સિલેકટ ફાઈલ.